ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૮ અંક : ૨૩૨ તા.૩-૦૬-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

ડ્રાઈવર ?

ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ staffavailable.com ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

તદ્દન ફ્રી

staffavailable.com

રોકાણકારો નવા સેક્ટરો તરફ શિફ્ટ થાય તે સંભાવના મજબૂત

અનેક શેરોમાં વેલ્યૂએશન હવે આકર્ષક લેવલ ઉપર

છેલ્લા થોડા દિવસોથી ભારતીય શેરબજારમાં જે રીતે કરેકશનનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે તેને કારણે અનેક શેરોમાં વેલ્યૂએશન હવે આકર્ષક લેવલ ઉપર આવી ગયું છે. સામે પક્ષે મોટા ભાગની લાર્જકેપ કંપનીઓના માર્ચ ક્વાર્ટરના પરિણામો પણ અપેક્ષા મુજબ સારા આવ્યા છે અને ક્રૂડના ભાવ વધવા છતાં પણ જે રીતે કેટલાક સેક્ટરોમાં પરિણામોનો ટ્રેન્ડ પોઝિટિવ છે તે જોતા હવે રોકાણકારોનો ટ્રેન્ડ નવા સેક્ટરો તરફ શિફ્ટ થાય તે સંભાવના મજબૂત છે. સામે પક્ષે ફુગાવો અંકુશ બહાર જઈ રહ્યો હોવાથી આંતરરાષ્ટ્રીય રેટિંગ એજન્સીઓ અને ફંડ મેનેજરો વૈશ્વિક અર્થતંત્ર અંગે અને સાથે સાથે ભારતીય અર્થતંત્ર અંગે નકારાત્મક સંકેતો આપી રહ્યા છે અને કેટલાક એનાલિસ્ટો તો વિશ્વભરમાં મંદી છવાઈ જશે અને ભારત પણ મોટી મંદી તરફ આગળ વધી રહ્યું છે તેવા સંકેત આપે છે.

છેલ્લા એક વર્ષ દરમ્યાન વિશ્વભરના શેરબજારોમાં જે રીતની તોતીંગ લિક્વીડીટી જોવાતી હતી તેને કારણે અસંખ્ય શેરોમાં ગળે ન ઊતરે તેવો વેલ્યૂએશન ચાલતા હતા અને તે અંગે તો ચાણક્યના લગભગ દરેક માર્કેટ રિપોર્ટમાં અમે ચેતવણી આપી જ હતી પરંતુ તે પછી કેટલાક સેક્ટરોમાં શેરોના ભાવ ઘટ્યા પછી હવે વેલ્યૂએશન આકર્ષક બન્યા છે, પરંતુ સાથે સાથે જે કંપનીઓમાં નફાને ફુગાવાને કારણે અસર થવાનો ભય છે તેવા શેરોમાં હજી પણ વેલ્યૂએશન ચોક્કસપણે મોંઘું છે અને તેથી અગાઉના બાવન અઠવાડિયાના ટોપને ધ્યાનમાં રાખીને તેવા શેરોમાં રોકાણ જાળવી રાખવાની કે રોકાણ વધારવાની ભૂલ ન થાય.

ગુરુવારે રાત્રે અમેરિકન શેરબજારમાં પણ સુધારાનો ટ્રેન્ડ જોવાયો હતો. અમેરિકામાં રીટેઈલ કંપનીઓના આંકડા માર્ચ ક્વાર્ટરમાં નબળા આવ્યા છે અને ફુગાવાને કારણે અનેક ટોચની રીટેઈલ કંપનીઓએ નવા ક્વાર્ટરની ગાઈડન્સમાં પણ ઘટાડો કર્યો છે અને તેવા શેરોમાં સતત ઘટાડાનો ટ્રેન્ડ જોવાય છે.

અમેરિકાની ટોચની રેડીમેઈડ ગાર્મેન્ટ કંપની ગેપ દ્વારા તેની પ્રોફિટ ગાઈડન્સમાં મોટો ઘટાડો કરાયો છે અને તે પાછળ શેરના ભાવમાં એક જ સેશનમાં ૧૩ ટકાનો ઘટાડો થઈ ગયો. તેમ છતાં અમેરિકામાં છેલ્લી પાંચ સેશનથી ડાઉજોન્સમાં સતત સુધારાનો ટ્રેન્ડ જોવાયો છે. અને રીટેઈલ સેક્ટરમાં મૂડ નબળો હોવા છતાં કેટલીક રીટેઈલ કંપનીઓના આંકડા તાજેતરમાં સારા આવ્યા હોવાથી તે સેક્ટરમાં થોડી લેવાલી જોવાઈ હતી. ગયા અઠવાડિયા દરમ્યાન ડાઉજોન્સમાં ૪.૪ ટકાનો અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ-૫૦૦માં ચાર ટકાનો સુધારો જોવાયો છે. તેમ છતાં ચાલુ વર્ષના ટોપના લેવલથી ત્રણેય ઇન્ડેક્ષોમાં ખૂબ જ મોટો ઘટાડો છે અને ટેકનોલોજી શેરો ઉપર ફોકસ ધરાવતા નાસ્ડેક કમ્પોઝીટ તો મંદીના તબક્કામાં દાખલ પણ થઈ ગયો છે જ્યારે સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ-૫૦૦ એક વખત ૨૦ ટકા ઘટાડાના લેવલ નીચે ગયો હતો અને તે પછી બહાર આવી ગયો છે. હવે શુક્રવારે વ્યક્તિગત આવકો કન્ઝ્યુમર સ્પેન્ડિંગના આંકડાઓ આવશે. અને તેને કારણે બજારમાં થોડોક સુધારો જોવાય તે સંભાવના મજબૂત છે.

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલના ભાવમાં લગભગ રૂા. ૧૦નો ઘટાડો કરાયો અને તે રીતે સરકાર ફુગાવાને અંકુશમાં લેવા પ્રયત્ન કરી રહી છે. આ ઉપરાંત વિવિધ અનાજ અને કઠોળની નિકાસ ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યા છે. ખાંડની નિકાસ ઉપર પણ અંકુશોની તૈયારી છે અને તે રીતે સ્થાનિક માર્કેટમાં પૂરતા પ્રમાણમાં અનાજ, કઠોળ અને ખાંડ ઉપલબ્ધ થાય અને તેને કારણે ભાવ ઘટે તેવી સરકારની અત્યારની વ્યૂહરચના છે. તેમ છતાં જે રીતે છેલ્લા થોડા સમયગાળામાં ખાદ્યપદાર્થોના અને જીવનજરૂરિયાતની ચીજોના ભાવમાં તોતીંગ ઉછાળો જોવાયો છે તેને કારણે ફુગાવો તરત જ અંકુશમાં આવે તે સંભાવના ઓછી છે.

વૈશ્વિક માર્કેટમાં મંદીના તબક્કા અંગે અલગ અલગ એનાલિસ્ટો અલગ અલગ મંતવ્ય દર્શાવે છે અને તેમાં એક અમેરિકન એનાલિસ્ટ જીમ ક્રેમરના

મંતવ્ય મુજબ અમેરિકામાં અત્યારના તબક્કે મંદીનો તબક્કો પૂરો થઈ ગયો છે. સામે પક્ષે અમેરિકન ફેડરલ રિઝર્વ જે રીતે તેની આગામી મીટીંગમાં પણ ૫૦ બેઝિક પોઈન્ટનો વ્યાજદર વધારવા તત્પર છે તેને કારણે લિક્વીડીટીમાં તીવ્ર ઘટાડો જોવા મળશે અને તેની અસર હજી પણ બજાર ઉપર રહેશે તે સંભાવના મજબૂત છે.

બજારના અત્યારના ટ્રેન્ડને સમજીએ તો એપ્રિલ, ૨૦૨૦ પછી વિશ્વભરની સેન્ટ્રલ બેંકોએ વિશ્વભરના અર્થતંત્રમાં જંગી લિક્વીડીટી ઠાલવી હતી અને આ લિક્વીડીટી ખૂબ જ ઝડપથી પાછી ખેંચાઈ રહી છે. નોર્મલ સંજોગોમાં લિક્વીડીટી આ રીતે પાછી ખેંચાય તો અર્થતંત્ર ઉપર નેગેટીવ અસર ઓછી થાત, પરંતુ અત્યારે એક તરફ લિક્વીડીટી પાછી ખેંચાઈ રહી છે અને બીજી તરફ રશિયા અને યૂક્રેન યુદ્ધને કારણે ક્રૂડ અને અન્ય ખાદ્યપદાર્થો તેમજ બિનલોહ ધાતુઓના ભાવમાં તોતીંગ ઉછાળો જોવાયો છે. એલ્યુમિનિયમ અને કોપરના ભાવમાં છેલ્લા ત્રણ મહિના દરમ્યાન તીવ્ર ઉછાળો જોવાયો.

આંતરરાષ્ટ્રીય અંકુશોને કારણે ઘઉંના ભાવમાં મોટો ઉછાળો જોવાયો અને સાથે સાથે ચીનના કેટલાક રાજ્યોમાં મોટા પાયે લોકડાઉન હોવાથી અનેક ઇલેક્ટ્રોનિક કમ્પોનન્ટની આયાતો અટકી ગઈ છે અને તેને કારણે ઓટોમોબાઈલ સેક્ટર અને ઇલેક્ટ્રોનિક ઇક્વીપમેન્ટમાં પણ શોર્ટેજ ઊભી થતા કિંમતોમાં મોટો ઉછાળો જોવાયો છે. રશિયાથી નિકાસ થતા ક્રૂડતેલ અને ગેસ ઉપર યૂરોપિયન દેશો દ્વારા પ્રતિબંધ લગાવાયો હોવાથી અને સામે પક્ષે સાઉદી અરેબિયાએ ક્રૂડતેલના ઉત્પાદનમાં કોઈ જ વધારો કરવાનો ઈન્કાર કરી દેતા ક્રૂડતેલ આગામી દિવસોમાં ૧૨૫ ડોલર ટચ કરી નાખે તે સંભાવના મજબૂત છે. ટાઈટ સપ્લાયને કારણે અત્યારે જ ક્રૂડતેલના ભાવ બે મહિનાના ટોપ ઉપર આવી ગયા છે અને હજી તો રશિયન ક્રૂડ ઉપર કડક અંકુશો આવતા થોડા દિવસોમાં લાગુ પડી જશે અને તેને કારણે ક્રૂડતેલના ભાવ જે કે જે અત્યારે ૧૧૪-૧૧૭ ડોલર ચાલે છે તેમાં વધારે ઝડપી ઉછાળાની જગ્યા છે.

આમ એક તરફ લિક્વીડીટી પાછું ખેંચવાનું પગલું અને સામે પક્ષે રશિયા-યૂક્રેન યુદ્ધની અસર અને સાથે સાથે ચીનના વિવિધ રાજ્યોમાં લોકડાઉન. આ ત્રણેય નેગેટીવ પરિબળો એક સાથે આવી જતા વૈશ્વિક શેરબજારો અને સાથે સાથે ભારતીય શેરબજાર ઉપર હજી નેગેટીવ અસર રહેશે તે સંભાવના મજબૂત છે અને તેથી ઘટાડો હજી થોડા અઠવાડિયા ચાલુ રહે અને તેમાં ગુરુવાર અને શુક્રવારે જે રીતે ઉછાળો જોવાયો તે રીતના ઉછાળા વચ્ચે વચ્ચે આવતા જાય તે સંભાવના મજબૂત છે અને તેથી શોર્ટટર્મ એન્ગલથી કામ કરવાને બદલે થોડા અઠવાડિયા હજી સારા સારા શેરો જાળવવાની તૈયારી સાથે ભેગા કરવા.

બેંકોમાં પરિણામો ખૂબ જ પ્રોત્સાહક આવતા જાય છે. અત્યાર સુધી નબળા પરિણામ દર્શાવનાર સરકારી બેંકો, તેમજ આઈસીઆઈસીઆઈ બેંક અને એક્સિસ બેંકમાં માર્ચ ક્વાર્ટરના આંકડા ખૂબ જ જોરદાર આવ્યા છે અને સામે પક્ષે એચડીએફસી બેંક અને એચડીએફસીના મર્જર પછી એક મેગા કોર્પોરેશન અને વિશ્વકક્ષાની કંપની ઊભી થશે અને તે રીતે પણ તે શેરમાં જોરદાર રીરેટીંગની જગ્યા છે.

સૌ પ્રથમ **એચડીએફસી બેંક**ની વાત કરીએ તો ૧૩મી મેના દિવસે એચડીએફસી બેંક અને એચડીએફસીએ અચાનક જ તેની શેરહોલ્ડિંગ પેટર્ન જાહેર કરી અને તે પેટર્ન અનુસાર આગામી દિવસોમાં ફરી એક વખત વિદેશી રોકાણકારો મોટા પાયે મર્જર પછીની એચડીએફસી બેંકમાં રોકાણ વધારી શકશે અને તેને કારણે મર્જર પછીની એચડીએફસી બેંકનું સ્થાન મોર્ગન સ્ટેનલી ઇન્ડેક્ષમાં સ્પષ્ટ રીતે આવશે તેમ હવે કહી શકાય.

સામે પક્ષે એચડીએફસી બેંકના વડા શ્રી શશી આગામી દિવસોમાં ટોચના વિદેશી ઇન્વેસ્ટરો સાથે મુલાકાત કરે તેવા સંકેત પણ મળ્યા છે અને તે પછી એચડીએફસી બેંક અને એચડીએફસીમાં તોતીંગ લેવાલી નીકળે તેવી ગણતરી છે.

ચાણક્ય દ્વારા બંને કંપનીઓના બેલેન્સશીટનો અતિશય ઊંડાણપૂર્વક અભ્યાસ કરાયો અને આ અભ્યાસથી એટલું ફુલગુલાબી ચિત્ર ઊભું થાય છે કે એચડીએફસી બેંક હવે અતિશય કિફાયતી વ્યાજદરે હાઉસીંગ ફિનાન્સ અને મોર્ગેજ ધિરાણો આપી શકશે અને તેનો વ્યાજદર એટલો કિફાયતી હશે કે અન્ય કોઈ બેંક માટે તેને ટક્કર આપવી અશક્ય હશે. આમ ભલે છેલ્લા થોડા અઠવાડિયા દરમ્યાન આ બંને શેરોમાં વેચવાલી જોવાઈ હોય, અને કેટલાક વર્તુળોનું મંતવ્ય છે કે આ વેચવાલી એફઆઈઆઈનું હોલ્ડિંગ નીચે આવે તે માટે ખાસ હેતુપૂર્વકની હતી. મર્જર પછીની એચડીએફસી બેંકનું ભાવિ અતિશય મજબૂત છે અને તેથી અત્યારના રૂા. ૧૩૬૬ના ભાવે આ શેરમાં આંખ મીંચીને રોકાણ વધારી શકાય અને તેમાં જોરદાર રિટર્નની જગ્યા છે. (પરેશભાઈનું રોકાણ છે)

તે જ પ્રકારે **આઈસીઆઈસીઆઈ બેંક** દ્વારા પણ માર્ચ ક્વાર્ટરમાં ખૂબ જ સુંદર પરિણામો રજૂ થયા છે. અત્યારે રૂા. ૭૨૮ વાળા શેરમાં રીરેટીંગની જગ્યા મોટી છે. સહેજ ઊંડાણથી આઈસીઆઈસીઆઈ બેંકના આંકડાની ચર્ચા કરીએ તો માર્ચ ક્વાર્ટર દરમ્યાન રૂા. ૧૦ની શેરદીઠ કમાણી હાંસલ કરી છે અને તે રીતે વાર્ષિક ધોરણે રૂા. ૪૫ની શેરદીઠ કમાણી હાંસલ થશે તેવી ગણતરી છે અને તેની સામે ૨૦-૨૨નો પીઈરેશિયો મૂકીએ તો પણ આ શેરમાં નાખી દેતા રૂા. ૧૦૦૦ના ભાવની સંભાવના મજબૂત છે એટલે કે અત્યારના લેવલથી આ શેરમાં લગભગ ૪૦ ટકા રિટર્ન ૧૨ મહિનામાં મળશે તેમ કહી શકાય.

એક્સિસ બેંકના શેરમાં પણ રૂા. ૬૮૩ના ભાવથી સુંદર વૃદ્ધિની જગ્યા છે અને આ શેરમાં પણ આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૦૦ના ભાવની ગણતરી છે અને થોડાક શેરો લઈને મૂકી શખાય.

સરકારી બેંક શેરોમાં રૂા. ૪૬૮ના ભાવની **સ્ટેટ બેંક**નું એનાલિસીસ તો ચાણક્યના ગયા અંક વખતે આપ્યું હતું અને તેમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યુ છે કે આ શેર માટે આગામી દિવસોમાં રૂા. ૬૬૦ના ભાવની ગણતરી છે અને તેથી લગભગ ૬થી ૯ મહિનાના એન્ગલથી સ્ટેટ બેંકનો શેર લઈને મૂકી દેવાય.

કોટક બેંકનો શેર મજબૂત અપટ્રેન્ડમાં દાખલ થયો છે. અત્યારે રૂા. ૧૯૨૯ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર એક્સિસ બેંક કે અન્ય કોઈ નાની બેંક કોટક બેંકને સુપ્રત કરે તે સંભાવના નકારી ન શકાય. આ શેર માટે કોઈક પોઝિટિવ ડેવલપમેન્ટ અપેક્ષિત છે અને તે પાછળ નબળા બજારમાં પણ આ શેર ધીરે ધીરે વધીને રૂા. ૨૦૦૦-૨૧૦૦ ઉપર આવી શકશે અને તેથી શોર્ટટર્મ એન્ગલથી થોડાક કોટક બેંકના શેર લઈને મૂકી શકાય.

ઓટોમોબાઈલ ફિનાન્સ અને હોમ ફિનાન્સમાં મજબૂત સ્થાન ધરાવતી રાજસ્થાન સ્થિત **એયુ સ્મોલ ફિનાન્સ** બેંકનો શેર પણ અત્યારે ધ્યાન ખેંચે છે. એયુ સ્મોલ ફિનાન્સ બેંકે પણ ખૂબ સુંદર પરિણામો રજૂ કર્યા છે. અત્યારે આ શેર રૂા. ૧૩૨૧ ઉપર ચાલે છે અને તેમાં પણ ધીમા સુધારા સાથે રૂા. ૧૪૦૦ અને તે પછી રૂા. ૧૪૪૦ના ભાવની સંભાવના મજબૂત છે. અત્યારના ભાવથી એયુ સ્મોલ ફિનાન્સ બેંકમાં ભાવ ઘટે તે સંભાવના મજબૂત છે.

સરકારી શેરોમાં **બેંક ઓફ બરોડા**નો શેર રૂા. ૯૮ના ભાવે ધ્યાન ખેંચે છે. વેલ્યૂએશન તદ્દન મફત છે અને માર્ચ ક્વાર્ટરના આંકડાનો મજબૂત સપોર્ટ ધ્યાનમાં રાખીએ તો આ શેર રીરેટીંગ સાથે રૂા. ૧૨૦-૧૪૦નો ભાવ બતાવે તો સહેજેય નવાઈ નહિ લાગે.

શોર્ટટર્મ એન્ગલથી રૂા. ૮૯૭વાળા ઈન્ડસઈન્ડ બેંકના શેરમાં આકર્ષણ નથી. પરંતુ ઈન્ડસઈન્ડ બેંક હિન્દુજા ગ્રૂપની બેંક છે અને અશોક લેલેન્ડ સાથે સીધો સંબંધ ધરાવે છે. ઓટોમોબાઈલ સેક્ટર અને ખાસ કરીને કોમર્શીયલ વાહનોના ધિરાણોમાં ઝડપી ઉછાળો જોવાવાનો ફાયદો ઈન્ડસઈન્ડ બેંકને મળવા લાગ્યો છે. માર્ચ ક્વાર્ટરના આંકડા સહેજ ધ્યાનથી જોઈએ તો બેંકે કરવેરાની જોગવાઈ પછી રૂા. ૧૩૬૧ કરોડનો નફો અને રૂા. ૧૭.૫૭ની શેરદીઠ કમાણી હાંસલ કર્યા હતા. અને વાર્ષિક ધોરણે ૭૪-૭૫ની શેરદીઠ કમાણી મળવાની સંભાવના મજબૂત છે. જે રીતે ટોચની બેંકોમાં સ્થાન છે તે જોતા આ શેર માટે પણ ૨૦નો પીઈરેશિયો યોગ્ય કહી શકાય એટલે કે રૂા. ૮૯૯ના ભાવે આ શેર રૂા. ૧૪૦૦ આસપાસ આવી જવાની ગણતરી છે.

નાની બેંકોમાં રૂા. ૮૫ ઉપરની **ફેડરલ બેંક**ના શેર અંગે ફંડ મેનેજરો ખૂબ બુલીશ છે અને મોટા ભાગના ફંડ મેનેજરો આ શેર માટે રૂા. ૧૨૦-૧૩૦નું લક્ષ્યાંક આપી રહ્યા છે. ઘણા મહિનાઓથી ચાલ્યો નથી તે વાત અલગ છે. પરંતુ તે શેરમાં નાનું રોકાણ કરી શકાય.

આઈડીએફસી ફર્સ્ટ બેંક અંગે પણ અનેક ફંડમેનેજરો બુલીશ છે પરંતુ આ શેર છેલ્લા ૨૦ વર્ષથી નથી ચાલ્યો તે તેનો વિક્રમ કહી શકાય અને ભારતીય શેરબજારમાં આવો વિક્રમ ધરાવતી આ માત્ર બેંક છે કે જેણે ૨૦ વર્ષથી ઈન્વેસ્ટરોને નિરાશા આપી હોય અને તેથી આવા વિક્રમ ધરાવતા શેરમાં પડવાને બદલે તેમાંથી નુકસાન બુક કરી નાખવું સલાહભરેલ છે.

પંજાબ નેશનલ બેંક પણ આવો જ એક નબળો શેર છે પરિણામો કંઈક સારા આવ્યા છે પરંતુ હજી પણ એનપીએનું પ્રમાણ એટલું મોટું છે કે બીજા વર્ષો સુધી માંડવાળો ચાલુ રહેશે અને રૂા. ૩૦વાળા પંજાબ નેશનલ બેંકના શેરમાં પણ અમને ખાસ કોઈ કસ નથી લાગતો. આગામી દિવસોમાં પંજાબ નેશનલ બેંક હજી પણ થોડોક ઘટે તો સહેજય નવાઈ નહિ લાગે. આ શેર વેચીને એમાં થોડી રકમ ઉમેરીને રૂા. ૪૫-૪૬ના ભાવનો **બેંક ઓફ ઇન્ડિયા**નો શેર લઈને મૂકી શકાય અને નવીદિલ્હીના વર્તુળોની વાત માનીએ તો આ કન્યાને પરણાવી દેવા કેન્દ્ર સરકાર તત્પર છે. અને તેથી તે શેરમાં થોડું થોડું કરીને રોકાણ વધારી શકાય.

નીચા ભાવની અન્ય સરકારી બેંકો **બેંક ઓફ મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર બેંક** વગેરેમાં પડવા જેવું નથી. આ રીતની પ્રાદેશિક બેંકમાં હાલના તબક્કે કોઈ કસ નથી. વર્ષ પછી ચાલે તે અલગ વાત છે.

રૂા. ૪૪-૪૫ ઉપરની **કરૂર વૈશ્ય બેંક**ના શેરમાં પણ કોઈ કસ નથી લાગતો. આ નાના શેર અંગે પણ કેટલાક ફંડ મેનેજરો બુલીશ છે પરંતુ ચાલે તેવી કોઈ સંભાવના નથી લાગતી.



સિટી યુનિયન બેંક અત્યારે રૂા. ૧૨૬ ઉપર ચાલે છે અને તે શેરમાં પણ હજી નબળાઈનો તબક્કો [illegible] રહ્યો છે. આ શેર [illegible] એન્ગલથી એક વર્ષ નોટ લઈને મૂકવો [illegible] દિવસોમાં રૂા.૧૨૦નું લેવલ તોડીને નીચે ઊતરી જાય તો નવાઈ નહિ લાગે. એટલે કે નવા રોકાણથી દૂર જ રહેવામાં સલામતી છે.

આઈડીબીઆઈ [illegible] એક એવો [illegible] શેર [illegible] હવે તેવી કોઈ સંભાવના નથી લાગતી. [illegible] શેર રૂા. [illegible] ઉપર ચાલે છે [illegible] વધારે વધીને રૂા. ૩૦ સુધી ઉતરી [illegible] સહેજ [illegible] નવાઈ નહિ [illegible] **આઈસીઆઈસીઆઈ** એક બીજો આ[illegible] અને [illegible] શેર છે કે જેણે પાંચ-[illegible] વર્ષથી કોઈ જ બિઝનેસન થી કર્યો અને પિતૃક સંપત્તિ વેચીવેચીને છેલ્લા છ વર્ષથી તેનું ઘર ચલાવ્યે જાય છે અને તેથી રૂા. ૯.૪૦વાળા તે શેરમાં પણ પડવા જેવું નથી.

પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં **આરબીએલ**નો શેર ધ્યાન ખેંચે છે. એક સમય હતો કે આરબીએલ બેંકનું મર્જર એચડીએફસી બેંક સાથે થઈ જવાની સંભાવના હતી. અત્યારે રૂા. ૧૧૧ ઉપર છે અને હજી પણ આ શેરમાં ભાવ ઘટે તો નવાઈ નહિ લાગે.

બંધન બેંકનો શેર પણ ખાસ ધ્યાન ખેંચે છે. ગૃહ ફિનાન્સ સાથેના મર્જર પછી આ શેરને રૂા. ૧૦૦૦ સુધી ઊંચકી ગયા હતા પરંતુ તે પછી લોકડાઉન આવ્યું અને માઈક્રો ફિનાન્સના ધંધામાં મોટા ભાગની કંપનીઓએ કરોડો રૂપિયાનું નુકસાન કર્યું. પરંતુ હવે તે કપરા સમયમાંથી બંધન બેંક બહાર આવી ગઈ છે. રૂા. ૨૫૦ના લેવલથી ધીરે ધીરે વધીને અત્યારે રૂા. ૩૨૧ ઉપર આવેલા આ શેરમાં અતિશય ધીમા સુધારાની જગ્યા છે. તમે થાકી જશો તેટલા ધીમા દરે આ શેર ઊંચકાશે એટલે તે શેરમાં પડવાને બદલે સ્ટેટ બેંક અથવા તો આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં રોકાણ વધારવું વધારે ફાયદાકારક રહેશે.

પ્રાઈવેટ સેક્ટર બેંકોમાં **સીએસબી બેંક**નો શેર ખાસ ધ્યાન ખેંચે છે. દક્ષિણ ભારતમાં મજબૂત કામકાજ ધરાવતી અને પ્રેમવત્સ ગ્રૂપની આ કંપનીમાં ટર્નઅરાઉન્ડ પરિણામો આવી ગયા છે. માર્ચ ક્વાર્ટર દરમ્યાન રૂા. ૭.૫૩ની શેરદીઠ કમાણી હાંસલ થઈ છે અને આ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો રૂા. ૩૦ની શેરદીઠ કમાણી સરળતાથી હાંસલ થઈ જવાની જગ્યા છે. અત્યારે ફક્ત રૂા. ૧૮૯ ઉપર મળી રહ્યો છે અને આ શેર માટે રૂા. ૩૫૦થી રૂા. ૪૦૦નું લક્ષ્યાંક યોગ્ય કહી શકાય અને તેથી ૧૦૦ ટકા કરતા વધારે રિટર્ન આપવાની તાકાત ધરાવતી સીએસબી બેંકમાં ૫૦-૧૦૦ શેર લઈને મૂકી દેવા ખોટા નહિ.

લોકડાઉન પછી સ્મોલ ફિનાન્સ બેંકોની હાલત કથળી ગઈ છે. અને લોકડાઉન પછી માંડ માંડ સુધારાની તૈયારીઓ શરૂ થઈ હતી ત્યાં જ કાતિલ ફુગાવો આવી ગયો જેને કારણે રોજબરોજનું કમાઈને જીવનારા લોકોની નફાશક્તિને અસર પડી છે. **ઉજ્જીવાન સ્મોલ ફિનાન્સ** અત્યારે ફક્ત રૂા. ૧૬ ઉપર ચાલે છે અને આ શેરમાં વધારે ઘટીને રૂા. ૧૪-૧૩નો ભાવ આવી જાય તો નવાઈ નહિ લાગે.

ઈક્વીટાસ સ્મોલ ફિનાન્સ બેંકની હાલત પણ સહેજય આનંદદાયક નથી. છેલ્લા છ દિવસ દરમ્યાન રૂા. ૫૮થી ગબડીને રૂા. ૪૨ ઉપર આવી ગયેલા આ શેરમાં નાનો ઉછાળો બાઉન્સબેકની રીતે જોવાશે પરંતુ તે પછી શેર વધારે તૂટે તો નવાઈ નહિ લાગે.

સ્પંદના સ્પુટીના શેરમાં પણ કોઈ આકર્ષણ નથી જણાતું. અત્યારે રૂા. ૩૯૪ ઉપર છે. કેટલાક ઉત્સાહી ફંડ મેનેજરો આ શેર લેવાની ભલામણ કરી રહ્યા છે પરંતુ ચાણક્ય વાચતા હો અને મૂડીની બાદબાકી અટકાવવી હોય તો આ શેરથી દૂર જ રહેજો.

અન્ય સ્મોલ ફિનાન્સ બેંકોમાં પણ કોઈ આકર્ષણ નથી અને ફુગાવો આ બેંકોની હાલત કફોડી કરી નાખશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

રિઝર્વ બેંક દ્વારા તાજેતરમાં વ્યાજદર વધારાયા અને હવેની મીટીંગમાં ફરી એક વખત વ્યાજદરમાં

ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, ગઈ વખતે પણ શુક્રવારે બજાર ઊંચકાયું હતું અને આ શુક્રવારે પણ બજાર પોઝિટિવ ઝોનમાં. મુખ્ય મંદીના ટ્રેન્ડ વચ્ચે આ રીતે થોડા થોડા ઉછાળા આવતા જશે અને તેથી શોર્ટટર્મ એન્ગલથી કામ કરવામાં સાવચેત રહેવું જરૂરી.
- **કોટક બેંક**, કોઈ સારા સમાચારો આવી રહ્યા છે. એક્સિસ કે બેંક ઓફ ઇન્ડિયા કોટકને હવાલે કરાય તો નવાઈ નહિ લાગે. રૂા. ૧૯૦૯ ઉપર થોડાક શેરો લઈને મૂકી શકાય. પ્રથમ તબક્કે રૂા. ૨૦૦૯ અને બીજા તબક્કે રૂા. ૨૧૦૯ના ભાવની સંભાવના જોતા આરએસ.
- **હીરો મોટોકોર્પ**, ટુ-વ્હીલરના વેચાણો નબળા, પરંતુ ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર અંગે આશાવાદ, અત્યારે રૂા. ૨૬૩૬ ઉપર મળી રહ્યો છે. થોડાક શેરો લઈને મૂકી દેવાય. શોર્ટટર્મમાં જ રૂા. ૨૮૩૮ના ભાવની ગણતરી.
- **એચડીએફસી બેંક**, શેર હોલ્ડરોનું લિસ્ટ ૧૩મી મેએ અચાનક જ જાહેર કર્યું અને હવે વિદેશી ઇન્વેસ્ટરોને આ શેર તરફ આકર્ષકવાના પ્રયત્નો શરૂ થશે. ધોળિયાઓ લે તે પહેલા રૂા. ૧૩૬૬ના ભાવે તમે પણ થોડાક શેરો લઈને મૂકી દેજો. જોતજોતામાં રૂા. ૧૫૬૬ થઈ જતા વાર નહિ લાગે. ૧૨ મહિને રૂા. ૨૦૦૦ પ્લસના ભાવની સંભાવના મજબૂત.
- **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા**, થારના વેચાણો જોરદાર છે. નવી સ્કોર્પિયોને પણ સુંદર રિસ્પોન્સ, અત્યારના રૂા. ૯૨૯ના ભાવે થોડાક શેરો લઈને મૂકી શકાય. શોર્ટટર્મમાં જ રૂા. ૧૦૦ની નોટ આપી જવાની જગ્યા.
- **હિન્દુસ્તાન યુનિલિવર**, કાતિલ ફુગાવાને કારણે કંપનીના વેચાણો ઉપર મોટી અસર તેમ છતાં ઓપરેટરોને અત્યારે આ શેર ચગાવામાં રસ, રૂા. ૨૨૮૦-૨૩૦૦ ઉપર આવ્યો છે. ઓપરેટરોની રમત છે તે સમજીને થોડાક શેરોનું કામકાજ કરી શકાય. રૂા. ૧૦૦ની નોટ મળવાની જગ્યા. ફન્ડામેન્ટલ નબળા છે તે પાસું ન ભૂલતા.
- **ટીસીએસ**, છેલ્લા થોડા મહિનાથી સતત ઘટતો જાય છે. રૂા. ૩૨૨૬વાળા આ શેરમાં હજી નાના કરેકશનની જગ્યા બાકી છે. બાયબેક વખતથી ઘણા પાસે આ શેર રહી ગયા છે. હજી વેચવાનો ચાન્સ નહિ મળે, બીજા રૂા. ૧૦૦ ક્યાં કપાઈ જશે તે પણ ખબર નહિ પડે.
- **બીપીસીએલ**, ડિસઇન્વેસ્ટમેન્ટ ફરી એક વખત પાછું ઠેલાયું અને વોટબેંક એવી પ્રજા ઉપર પેટ્રોલ અને ડિઝલના ભાવનો બોજો ન પડે તે માટે બીપીસીએલ અને ઇન્ડિયન ઓઈલને બકરો બનાવશે. ડિસઇન્વેસ્ટમેન્ટ આપે તો પણ કોઈ લેનાર નથી. રૂા. ૩૫૦ના ભાવે રોકડી કરતા જાવ, વધારે ઘટીને રૂા. ૩૦૦ની અંદર ક્યાં ઊતરી જશે તે પણ ખબર નહિ પડે.
- **અદાણી પોર્ટ**, માર્ચ ક્વાર્ટરનો નફો થોડોક ખરાબ આવ્યો અને તે પાછળ શેરના ભાવમાં નાનો ઘટાડો, અત્યારે રૂા. ૭૦૩ ઉપર મળી રહ્યો છે. થોડા થોડા લોટમાં શેર ભેગા કરતા જવાય. ૧૨ મહિને સુંદર રિટર્નની જગ્યા.
- **તાતા સ્ટીલ**, પરિણામો જોરદાર તેમ છતાં નિકાસ અંકુશો વગેરેના ભયને કારણે આ સ્ટીલ શેરમાં ગાબડું. ઘટેલા ભાવે ઇન્વેસ્ટમેન્ટની રીતે ભેગા કરવાનો ચાન્સ છે તે ધ્યાનમાં રાખવું અને ૧૦-૧૦ કરીને શેરો ભેગા કરતા જવાય. ઉપરમાં રૂા. ૧૬૦૦-૨૦૦૦ના ભાવની ૧૨-૧૮ મહિને ગણતરી.
- **તાતા કન્ઝ્યુમર**, લાંબાગાળાનું ભાવિ જોરદાર, રૂા. ૭૨૨ વાળા આ શેરમાં જોખમ નહિવત. થોડા થોડા કરીને શેર ભેગા કરતા જવાય.
- **કોલ ઇન્ડિયા**, આ સરકારી શેરમાં કોઈ જ આકર્ષણ નથી. ધીરે ધીરે કરીને રૂા. ૧૮૩ સુધી ભાવ ઊંચકી ગયા હતા. પ્રોફિટ બુકિંગ કરતા જવું ખોટું નહિ. કોલસાની માંગને પણ મંદીને કારણે અસર થવાનો ભય.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, ક્રૂડતેલ હજી ૧૨૫ ડોલર પહોંચવાની સંભાવના. સિમેન્ટ ઉત્પાદકોની કમર તોડી નાખશે. અલ્ટ્રાટેકમાં આકર્ષણનો અભાવ. રૂા. ૫૮૭૪વાળા આ શેરમાં બીજા રૂા. ૨૦૦-૩૦૦ કપાઈ જવાની જગ્યા.
- **સ્ટેટ બેંક**, રૂા. ૪૬૮-૪૭૫ વચ્ચે મળી રહ્યો છે. ટર્નઅરાઉન્ડ પરિણામો, નબળા બજારમાં પણ થોડા થોડા સ્